# 1 રાષ્ટ્રીય ફળ : કેરી

સ્થાનકિંમતની સમજના આધારે ૧૦૦૦ થી મોટી સંખ્યાઓ પર ચાર મૂળભૂત ક્રિયાઓ કરે છે."

(૧) રૂા. ૧૦ ની સો નોટ એટલે કેટલા રૂપિયા થાય ?

(અ) ૧૦૦ (બ) ૧૦૦૦ (ક) ૨૨૦૦ (ડ) ૧૦૧૦૦

(૨) સો વખત એક હજાર એટલે કેટલા રૂપિયા થાય ?

(અ) ૧૦૦૦ (બ) ૧૦૦૧૦૦૦ (ક) ૧૦૦૦૦૦ (ડ) ૨૧૦૦૦૧૦

(૩) સવારે ઉગતો સૂર્ય અને તમારા ઘરની વચ્ચે આવતાં મિત્રોનાં ઘર તમારી કઇ દિશામાં આવેલાં કહેવાય ?

(અ) પૂર્વ (બ) પશ્ચિમ (ક) ઉત્તર (ડ) દક્ષિણ

(૪) સાંજે આથમતો સૂર્ય જોતા સમયે તમારી ડાબી બાજુ રહેલાં સ્થળો કઇ દિશામાં આવેલાં કહેવાય ?

(અ) પૂર્વ (બ) પશ્ચિમ (ક) ઉત્તર (ડ) દક્ષિણ

(૫) સાયકલ પર એક કલાકમાં અંદાજે ૬ કિમી જેટલું અંતર કપાય, તો ૯ કિમી અંતર કાપવા માટે અંદાજે કેટલો સમય લાગશે ?

(અ) ૬૦ મિનિટ (બ) ૧૨૦ મિનિટ (ક) ૯૦ મિનિટ (ડ)૧૮૦ મિનિટ

લંબાઇ વજન અને ગુંજાશ જેવી રાશીઓના મોટા અને નાના એકમો જાણે છે તથા તેમની વચ્ચેનો સંબંધ જાણે છે. અને નાના એકમોનું મોટા એકમોમાં અને મોટા એકમોનું નાના એકમોમાં પરસ્પર રૂપાંતર કરે છે.

અનીતા એક દિવસ પોતાની માતા સાથે શાકમાર્કેટમાં જાય છે. જયાં ગીતાબહેન રૂા. ૪૦ ના કિ.ગ્રા. ટમેટા અને રૂા. ૩૦ ની કિ.ગ્રા. ડુંગળી વેચે છે. અનીલભાઇ "મેથીની ભાજી રૂા. ૮ ની કિ.ગ્રા." એવી બૂમો પાડીને ગ્રાહકને બોલાવે છે. તેની બહેનપણીની મમ્મી આરતીબહેનને તે રૂા. ૧૫ ના ૨૫૦ ગ્રામ લીંબુ ખરીદતાં જુએ છે. એક ટેમ્પોરિક્ષામાં મોટા મોટા સમાન કદના રૂા. ૨૫ પ્રતિ નંગ તરબૂચ પણ વેચાતાં હતાં.

(૧) આરતીબહેને લીંબુ સાથે ૨ કિ.ગ્રા. ડુંગળી અને ૩ કિ.ગ્રા. ટમેટાની ખરીદી કરી હોય તો, આરતી બહેને કુલ કેટલા રૂપિયાની ખરીદી કરી ?

..........................................................................................................

..........................................................................................................

(2) અનીલભાઇ આખા દિવસમાં રૂા. ૮૮૮ નો વેપાર કરે છે. તેમણે કેટલા કિ.ગ્રા. મેથીની ભાજી વેચી ?

........................................................................................................................

........................................................................................................................

(3) ટેમ્પોરિક્ષામાં અંદાજે ૪૦૦ નંગ તરબૂચ હોય તો તમામ તરબૂચની કિંમત કેટલી થાય ?

........................................................................................................................

........................................................................................................................

(4) અનીતાનાં મમ્મી ૫૦૦ ગ્રામ ટમેટાં, ૨ કિ.ગ્રા. ડુંગળી અને ૫૦૦ ગ્રામ લીંબુ અને એક તરબૂચ ખરીદે છે. તો કુલ કેટલા રૂપિયા ખર્ચ થયો ?

........................................................................................................................

........................................................................................................................

shikshansagar.com · The King of Education · શિક્ષણ સાગર